જે માણસ દુનિયામાં પેહેલ વેહેલો અવતાર લઇને હમેશાં સારી ચાલ ચલગતથી ચાલે તો તે સેહેલથી સુખ પામે છે. (૧) જાણેલી વાતો કરે, સારી વાણી બોલે, બીજા ઉપર ગુસ્સે થાય નહીં, તેને સમજુ જાણવો. (૨)

## પાઠ ૬ ઠો ગાળાગાળી.

નઠારે નઠારૂં બોલતાં અમથી ગાળો ખાય છે એવા મોટા બે- વકુફની દુનિયામાંથી આબરૂ જાય છે. (૧) જે માણસ જુઠું બોલેછે, ગાળો દેછે ને ખાયછે એને બેવકુફ સમજવો. તે બહુ દુઃખ પામેછે. (૨) જે છોકરો કે જે છોડી જેવા બોલ બોલશે તેવોજ તેનો ભા યડા બાઇડીમાં વક્કર બંધાશે. (૩)

## પાઠ ૮ મો સંઘરો કરવા વિષે

જુઓ કે કીડી જનાવરની જાત છે તોપણ દાણા એકઠા કરેછે. અને હમેંશા બધી સાથે હળીમળીને રહેછે.

## પાઠ ૧૩ મો પોપટ.

પોપટ પાંજરે બેઠો બેઠો સારા બોલ બોલે છે તે સાંભળતાં બધાના મનમાં ઘણો હરખ ઉપજે છે. (૧) તેની ડોકે કાળો પટો છે અને નમેલું રાતું નાક છે, શરીરે લીલા રંગનો છે, અને ધણીની બીક માને છે. (૨) સારૂં બોલેછે તેથી માણસને ઘણું હેત ઉપજે છે. પોપટને સૌ હેતેથી પાળે છે, કાગડાને કોઇ પાળતું નથી. (૩)

## પાઠ ૨૦ મો ચોખ્ખાઈ..

બધી વસ્તુઓ સાફ રાખવી, ને લુગડાં પણ સાફ પેહેરવાં; ઘર

ને ચોક પણ સાફ રાખવાં, ચોખ્ખાઈ રાખવાથી શરીર સુખી ર
છે. (૧) માખી માપ રાખીને મધનુ પોડું સારૂં બનાવેછે; તેમ
ડાઘો કંઈ ક્યાંય દેખતાં નથી અને ખરેખર ચોખ્ખા કાચ જેવું દેખા
છે. (૨) ચોખ્ખાઈ રાખવાથી મન રાજી રહેછે અને શરીરનો રં
સારો થાયછે; ચોખ્ખાઈ રાખવાથી સારા ચાર માણસમાં ચોખ્ખા
રાખનાર માણસને માન મળેછે. (૩)

## પાઠ ૨૩ મો. આંબલી વિષે.

માને દીકરીનું નામ બુદ્ધિથી એકજ જાણ્યું અને ઘરે ઘ
તેનું કામ હમેંશા નક્કી પડેછે. માતો એકની એક ઠેકાણેથી બે ચ
ગળ પણ ચાલતી નથી ને દીકરી ગામે ગામ ઘણી મજા ભોગવે
વળી તે છોકરીનો છોકરો તેની માનો બાપ થાયછે. શામળ કવી !
છે હે ડાહ્યા માણસો તમે સમજજો કે દુનિયા વિષે તે પ્રખ્યાતછે.(

## પાઠ ૨૬ મો. મેહેનત વિષે ભાગ પેહેલો.

પીવાનું ખાવાનું અને શરીરે પેહેરવા ઓઢવાનાં, મેહેનત કં
થી જુદી જુદી જાતનાં લૂગડાં મળેછે. (૧) જમીનમાંથી અના
ઢગલે ઢગલા નીકળે છે પણ જો હોંશેથી ખેડે નહી તો ખાવાનું
ખાય? (૨) આપણને પરમેશ્વરે બધા ઈલાજ આપ્યા છે પ
બળતણને વાસણ વિના શી રીતે રંધાય? (૩)

## પાઠ ૨૭ મો. મેહેનત વિષે ભાગ બીજો.

તે તો તું હાજર કર, શું તને બીજો કોણ કરી આપે? ત
તારા મતલબનું હાલ ઘડીએ જે જોઈતું હોય. (૧) ઝાડે તૈ
થએલાં લૂગડાં ટીંગાતાં નથી. પણ વાવે ને પછી કાંતે અને

તો સારો પોશાક થાય. (૨) માટે ઘેર કે પારકે ઘેર રહીને જો મેહેનત કરેતો ચાકરી કરતાં સારી રોટલી પામે. (૩)

## પાઠ ૩૦ મો. સાચ.

બધાં દુઃખ ખમીએ પણ સાચી વાત કેહેવી; તો તો દેવલોકમાં રાતને દીવસ સુખી રહીએ. (૧) સાચું તે હંમેશાં સારૂં છે, જુઠું બોલવાથી દુઃખ થાયછે; સો લાખ ઈલાજ કરી જુઓ તોપણ સાચેથી સુખ થાયછે. (૨) સાચું બોલવાથી હંમેશાં કામ થાયછે, જૂઠું બોલવાથી નક્કી થતું નથી; કાગળનો મછવો કરી તેથી કાંઇ દરિયો તરાય નહીં. (૩)

## પાઠ ૩૪ મો. ધાન્ય.

બાજરીના ડુંડામાંથી બાજરી નીકળે છે ને કણુસલાંમાંથી જાર નીકળેછે; ને ડુંડીમાં ઘઊં, ડાંગર, ને જવ થાયછે. (૧) તલસરામાંથી તલ નીકળે છે, શીંગોમાં બધા કઠોળ થાયછે; પોપટામાંથી ચણા નીકળે છે અને શેરડીમાંથી સાકર ને ગોળ થાય છે. (૨) ચોમાસાના ચાર મહીનામાં બાજરી ને જાર તૈયાર થાય છે; શિયાળામાં ઘઊં ને ચણા તે સર્વે તૈયાર થાય છે. (૩)

## પાઠ ૩૮ મો. માબાપના ગુણ.

હું જયારે નાનો બાળક હતો ત્યારે મારો પગ જમીન ઉપર સ્થીર રહી શકતો નહીં ને હું મારી મેળે ખાવાનું ખાઈ સકતો નહીં ને પોતાની મેળે ઉઠી શકાતું નહિ ને મને જરાએ શરમ નહોતી.(૧) એવે વખતે માબાપે બાળકની ઉપર દયા લાવીને પોતે દુઃખ વેઠીને બાળકને સુખ આપ્યું એ ઉપર ઘણોજ છે. (૨) કોઈ એવે વ-

ખતે બે ઘડી ચાકરી કરે તો આખી જીંદગી સુધી તે માણુસ ચાકર થઇને રહે.(૩)

## પાઠ ૪૩ મો. ઘર વિષે.

વાછડીયાં જાળીયાં માળીઆં ખુબ શોભેછે ને બારીનાં બારણું સારાં શોભેછે. પાણીઆરાં ને રાંધણીઆં સારાં બનાવ્યાં છે તે ઈંટથી ચણ્યાં છે ને તે ઉપર ચુનો દીધેલો દેખાય છે. (૧) ભાંગે નહી કે ખુટે નહીં એવાં પાણીનાં ટાંકાં ભરેલાં છે તેમાંથી માણસો વાંકાં વળીને ખેંચીને પાણી પીએછે. સુડા ને મેનાં ચોખ્ખા ને સારા બોલ બોલેછે. (૨) બેસવાને સારૂ કહેરા અગાશી સારી બનાવી છે, પોતાના મનને ગમે તેવી રીતે પાથરણાં પાથર્યાંછે ને ભીંતે સારા રાજાઓનાં ચીત્ર પાડેલાં છે.

## પાઠ ૫૫ મો. થોડે થોડે ભણવા વિષે.

ભણતાં ભણતાં વિદ્વાન થાયછે. અને લખતાં લખતાં સારા અક્ષરનો લખનારો થાયછે. ચાર ચાર ગાઊ ચાલવાથી મોટો રસ્તો હોય તે પણ ઓછો થાય છે. (૧) પોપટ મહાવરાથી બોલ બોલતાં શીખેછે, કાયર થઇને જે માણુસ આળસ કરે તેને ગધેડા જેવો જાણવો. (૨) કુવા ઉપરના કઠણને પાકાને કાળા પથરા તે દોરડાવતી કપાય છે એ નીશાની લેવી.

## પાઠ ૬૭ મો. મૂર્ખાઈ.

મૂરખને માથે શીંગડાની નિશાની હોતી નથી પણ જેને સારા કે નરસાનો વિચાર નથી તે માણુસને મૂરખ જાણવો. (૧) અક્ષર એક આવડે નહિ ને મનમાં ઘણો અહંકાર રાખે તેને દુનિયા-

માં બધા મૂરખનો ઉપરી જાણવો. (૨) શક ભરેલી મોટી મોડી વાતો કરે, ને બહુ બહુ લવલવાટ કરતો જાય, કોઈની શીખામણ માને નહિ તેને મુરખનો રાજા જાણવો.

## પાઠ ૮૦ મો. ભાઇ બેન વિષે.

આપણે બંનેજણ ભાઇ ને બેન હળીમળીને રમીએ તો સુખ ને મજા પડે ને બાધે ન રોવે તો પુરી દીલગીરી જાણવી તેથી આબરૂ ઘટે ને લોકો ખોદણી કરી. (૧) હે બળવાળા પરમેશ્વર બાપ તું હમેશા સંપ આપ જેથી કરીને અમારા દહાડા સુખમાં જાય ને કોઈ દિવસ જરાએ કજીઓ થાય નહિ. (૨) બાળક હળીમળીને રેહેતાં હોય ને તે બાજતા કે રોતાં ન હોય રમે જમે ગીતો ગાય તો મા પોતાના મનમાં ખુશી થાય છે.

## પાઠ ૧૧૬ મો. સર્વ વ્યાપક ઈશ્વર વિષે.

આપણી અડખે પડખે ગગનમાં ને આપણા મનમાં પરમેશ્વરનો પ્રકાશ છે ખડમાં ને ચાસની પાસે પણ પરમેશ્વરનો વાસ છે. (૧) જમીનમાં કે ભોંયરામાં પેસીને કાંઈ વાત કરીએ તેમજ મનમાં વિચાર કરીએ તો દુનિયાનો બાપ પરમેશ્વર જાણેછે. (૨) અમથી જગ્યા ગોતીએ કણી મૂકવાને માટે કયાંએ પરમેશ્વર વિનાનું અમથું ઠેકાણું મળતું નથી.

## પાઠ ૧૧૭ મો. છોકરાને શિખામણ.

હું તમને સુખેથી સારી શિખામણ શીખવું તે તમે શીખો ને નઠારા માણુસની નઠારી શિખામણ માનો નહીં. તમે હોંશથી ભણો તો ઘણા કારણ જાણો એ નાના બાળકો એ વાત તમે તમારા મ-

નમાં લાવો. (૧) નઠારી ચાલ ચાલો નહીં ને સારી ચાલ ચાલો ઠગવાનો ખોટો ભપકો છોડીદો, કોઇનું ઘરેણું ઘડેલું, પડેલું, કે ખડી ગએલું હોય તમને જો હાથ આવે તો જીભે જઇને કહો જે તે મને જડયું છે. (૨) દગો કરીને કે કળા કરીને કે છેતરીને જે છાનું રાખે તેની આબરૂ ઘટે ને લોકોમાં તોહોમત આવેછે પછી જયાંસુધી ધોળા વાળ આવે ત્યાંસુધી ગળીનો ડાઘ મટાડતાં મટતો નથી તેમ (તેની ગએલી આબરૂ પાછી આવતી નથી.)

સાર સમાપ્ત.

# કાઠિયાવાડ ઇલાકાની ભૂગોળ વિદ્યા.

નકશો એટલે શું—માણસ અને જનાવરના ચિત્ર ચોપડીમાં છાપેલાં હોયછે તે આપણે જોયાં છે એવી રીતે, ઘરનાં, નિશાળનાં, ગામનાં, દેશનાં, અને આખી પૃથ્વીનાં પણ ચિત્ર પાડેલાં હોયછે તેને નકશો કહેછે.

નકશામાં ગામ, પર્વતો, નદીઓ, ચિત્રેલા હોયછે. આપણું ગામ આ કાઠિયાવાડના નકશામાં કાઢેલું છે તે જુઓ આ રહ્યું.


## દિશાઓ.

દિશાઓ ચારછે તેમનાં નામ—પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ. જે દિશામાં સૂરજ ઉગે તેને ઉગમણી કે પૂર્વ દિશા કહેછે, જે દિશામાં સૂરજ આથમેછે તેને આથમણી કે પશ્ચિમ દિશા કહેછે. પૂર્વ દિશા ભણી મોં કરી ઉભા રહીએ તો ડાબા હાથ તરફ ઉત્તર દિશા ને જમણા હાથ તરફ દક્ષિણ દિશા છે.

## ખૂણાઓ.

પૂર્વને ઉત્તર દિશા વચ્ચેનો ઇશાનખૂણો, ઉત્તર ને પશ્ચિમ દિશા વચ્ચેનો વાવ્યખૂણો, પશ્ચિમ ને દક્ષિણ દિશા વચ્ચેનો નૈરૂત્યખૂણો, ને દક્ષિણ ને પૂર્વ દિશા વચ્ચેનો અગ્નિખૂણો કહેવાય છે.

## નકશાની દિશાઓ.



નકશા ભણી મોં કરીને ઉભા રહીએ તો મથાળે ઉત્તર દિશ નીચે દક્ષિણ દિશા, ડાબા હાથ તરફ પશ્ચિમ દિશા ને જમણા હા તરફ પૂર્વદિશા આવે છે.

## વ્યાખ્યાઓ.

૧ ચારે બાજુએ પાણી ને વચમાં જમીન હોય તેને બેટ અથ દ્વીપ કહે છે. બેટથી ઉલટું સરોવર છે.

૨ ચારે બાજુ જમીન અને વચ્ચે પાણી તેને સરોવર કહેછે સરોવરથી ઉલટું બેટ છે.

૩ જેની ત્રણે બાજુએ પાણી ને એક બાજુએ જમીન હોય તે દ્વીપકલ્પ કહે છે.

૪ જમીનની અણી લાંબી થઇને સમુદ્રમાં ગએલી હોય તે ભૂશીર કહે છે. ભૂશીરથી ઉલટું અખાત છે.

૫ જમીન ઉપર ઘણા ગાઉ સુધી લાંબા ગએલા સમુદ્રના ફ ટાને અખાત કહે છે. અખાતથી ઉલટી ભૂશીર છે.

૬ સમુદ્રને મળતાં પેહેલાં ભરતીનું પાણી માંહે આવે એવું જે નદીનું મૂખ પોહોળુ થાય તેને ખાડી કહે છે.

૭ ઘણા માણસો એક જગાએ ઘર બાંધીને જથાબંધ રહે છે તેને ગામ કહે છે. ગામથી મોટા હોય તેને કસ્બો અને કસ્બાથી મોટા હોય તેને શેહેર કહે છે.

૮ મીઠા પાણીનો જે પ્રવાહ પર્વતમાંથી કે સરોવરમાંથી નીકળી ઢળતી જગામાં થઈ સમુદ્રને મળેછે તેને નદી કહેછે. નદી જ્યાંથી નીકળે તેને મૂળ ને જ્યાં મળે તેને મૂખ કહે છે.

૯ જમીનના થોડા ઉંચા ભાગને ડુંગર કહે છે ને ડુંગરથી વધારે ઉંચો હોય તેને પર્વત કહેછે. પર્વતના ઉંચા ભાગને ટોચ કે શીખર કહેછે. ઘણા ગાઊ સુધી લાંબા પડેલા પર્વતને પર્વતની હાર કહે છે.

૧૦ પૃથ્વી ઉપર ખારા પાણીના મોટા ભાગને દરિયો કે સમુદ્ર કહે છે તેથી વધારે મોટા ભાગને મહાસાગર કહે છે.

૧૧ ઘણા ગાઊ સુધી રેતીવાળા ફેલાયેલા ભાગને રણ કહેછે.

૧૨ દરિયા કાંઠે જે શેહેર હોય ને ત્યાંથી માલ ચડતો ને ઉતરતો હોય તેને બંદર કહે છે.

૧૩ જે ગામ પાસે રેલવે ઉભી રેહેતી હોય ને માલ ચડતો ઉતરતો હોય તેને સ્ટેશન કહે છે.

૧૪ જ્યાં દેશી રાજા રાજ કરતો હોય તેને સંસ્થાન કહે છે.

૧૫ જે સંસ્થાનો પોલીટીકાલ એજંટના તાબામાં હોય તેને ઇલાકો કહે છે.

૧૬ ઇલાકાના ઉપરી અમલદારને પોલીટીકાલ એજંટ કહે છે.

## કાઠિયાવાડ ઇલાકો.

કાઠિયાવાડનું અસલનામ સૌરાષ્ટ્ર હતું પણ જ્યારથી કાઠી તાલુકદાર આવીને વસ્યા ત્યારથી કાઠીઆવાડ નામ પડયું છે તે દ્વીપકલ્પ છે.

સિમા—ઉત્તરે કચ્છનું રણ–પૂર્વે અમદાવાદ જીલ્લો અને ખંભાતનો અખાત. દક્ષિણે તથા અગ્નિખુણમાં–અરબી સમુદ્ર ને વાવ્ય ખુણમાં કચ્છનો અખાત છે.

એની પૂર્વ પશ્ચિમ લંબાઇ ભાવનગરથી દ્વારકા સુધી ૨૦૦ મૈલ ને ઉત્તર દક્ષિણ પોહોળાઇ ઝીઝુંવાડાથી દરિયા સુધી ૧૭૦ મૈલ છે.

મુખ્યપેદાશ—કપાસ, બાજરી, ઘઉં, ચણાં, અડદ, મગ, મઠ, ચોળા, વાલ, જવ, ડાંગર, તલ, શેરડી, વગેરે.

રાજકાજનો બંદોબસ્ત રાખવા સારૂ અંગ્રેજ સરકાર તરફથી મુખ્ય અમલદાર પોલીટીકાલ એજંટ છે. તે રાજકોટમાં રહે છે.

આ ઇલાકાના મોટા ચાર ભાગ કરેલા છે તે દરેક ભાગને માટે આસિસ્ટંટ પોલીટીકાલ એજંટ છે.

| ચાર ભાગનાં નામ | મુખ્ય સ્ટેશન |
|---|---|
| ઉત્તરે ઝાલાવાડ | વઢવાણ કાંપ |
| પૂર્વમાં ગોહિલવાડ | સોનગઢ |
| દક્ષિણમાં સોરઠ | જેતલસર |
| પશ્ચિમમાં હાલાર | રાજકોટ |

ઉપર લખેલાં ચાર ભાગ નીચેના દશ પરગણાંમાંથી કરેલાં છે. ૧ ઝાલાવાડ. ૨ ગોહેલવાડ. ૩ ઉડસરવૈયાવાડ. ૪ બાબરીઆવાડ. ૫ કાઠીઆવાડ. ૬ સોરઠ ૭ બર્ડો ૮ હાલાર ૯ મચ્છુકાંઠો. ૧૦ ઓખામંડળ.

## ૧ ઝાલાવાડ પ્રાંત.

આ પ્રાતમાં ઘણાખરા રાજા ઝાલા હોવાથી આ પ્રાંતનું નામ ઝાલાવાડ પડયું છે. આ પ્રાંતમાં ઝુંમણાં વખણાય છે.

પર્વત—ચોટીલો, મદાવો, ઠાંગો, માંડવધાર.

સરોવર—નળ. એમાં ભોગાવા વગેરેનું પાણી આવેછે પણ જમીન ખારી હોવાથી પાણી તરત ખારૂ થઈ જાય છે. તેની આસપાસના મુલકને નળ કાંઠો કહે છે.

નદીઓ—વઢવાણનો ભોગાવો—લીંમડીનો ભોગાવો, મચ્છુ ફલકુ, સુકભાદર, વાંસળ, બાભણ, ઉમઈ, ચંદ્રભાગા, ગોડરા, કંકાવટી.

૧ વઢવાણનો ભોગાવો—ઠાંગા ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે તે ઉપર ચોટીલા, ડોળીઆ, મૂળી ને વઢવાણી શીયાણી, જાંબુ, વગેરે છે.

૨ લીમડીનો ભોગાવો—ઠાંગા ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. તે ઉપર સેજકપર, વસતડી, વડોદ, લીમડી પાણશીણા છે.

૩ મચ્છુ—ચોટીલા પર્વતમાંથી નીકળી કચ્છના રણને મળે છે. તે ઉપર કુહાડવા, મહીકા, વાંકાનેર, મોરબી, માળીઆ છે.

૪ ફલકુ—કાંત્રોડી ગામ પાસેથી નીકળી કચ્છના રણને મળે છે તે ઉપર નારીચાણા, બાવળી, ધાંગધરા.

૫ સુકભાદર—મદાવાના ડુંગરમાંથી ખંભાતના અખાતને મળે છે તે ઉપર—મેવાસા, રાણપૂર ને નાગનેશ છે.

૬ વાંસળ—બારેજડા પાસેથી નીકળી લીમડીના ભોગાવાને મળે છે. તે ઉપર ચુડા, ભડકવા ને હડાળાં છે.

૭ બાભણ—માંડવધાર પાસેથી નીકળી કચ્છના રણને મળે છે તે ઉપર આંબરડી, સુસવાવ ને ટીકર છે.

૮ ઉમઇ—સીપા, ને મેસાણા પાસે થઇ કચ્છના રણને મળે છે.
૯ ચંદ્રભાગા—સીથા, ગાળા, ને બરાડાપાસે થઇ કચ્છનારણનેમળેછે.
૧૦—ગોંડરા, ચુલી, ને કુવા આગળ થઇ કચ્છના રણને મળે છે.
૧૧—કંકાવટી—કોંઢ પાસેથી નીકળી કચ્છના રણને મળે છે, તે ઉપર કોંઢ, વઢવાણ, માલણીઆત છે.

મુખ્ય શેહેરો પ્રખ્યાતીવાળા.

ધ્રાંગધ્રા—ફલકુ નદી ઉપર પેહેલા વર્ગનું શેહેર છે. તેમાં પથરની ઘંટીઓને વાડકા સારા થાય છે.

લીમડી—લીમડીના ભોગાવા ઉપર બીજા વર્ગનું શેહેર તેમાં સાડલા ને સુડી થાય છે.

વઢવાણ—તે વઢવાણના ભોગાવા ઉપર બીજા વર્ગનું શેહેર છે તેમાં સાબુ થાય છે તથા ઝાલાવાડ પ્રાંતનો આસીસ્ટંટ પોલીટીકાલ એજંટ રહે છે.

સાયલા—તેમાં લાલાભગતની જગાછે તેથી તેને ભગતનું ગામ કહેછે.
મુળી—તેમાં સ્વામીનારાયણનું મંદિર છે
પાટડી—તેમાં વડાગરૂ મીઠું સારૂં થાય છે.
થાન—માટીના વાસણ થાય છે.
ઝીંઝુવાડા—સુરોખાર થાય છે.
હળવદ—પથરની ઘંટી ને વાડકા થાયછે.

મોટાં શેહેરો—ધ્રાંગધરા, વાંકાનેર, લીંમડી, વઢવાણ, લખતર, સાયલા, મુળી, ચુડા, બજાણા, પાટડી, દસાડા, ભોઇકા, ડોળીઆ, હળવદ, સીથા, થાન, નાગનેશ, ખેડુ, રામપુરા, વણોદ, દૂધરેજ, ઝીઝુંવાડા, વણ, તળસાણુ, સરા, સીથા, પાણશીણુ, હડાળા, વીઠલગઢ, ખારાઘોડા, શીયાણી, ભલગામડા, પચ્છમ, બાવળી, વઢવાણકાંપ.

નાનાં ગામ—ઉમરડા, ભડકવા, ખેરાળી, લીલાપુર, ટીકર, કોંઢ, મેંથાણ, વસતરડી, માલવણ, કુડા, તીયવા, લુણસર, રંગપૂર, જાંબુ, બળદાણા, ખેરવા, કુકડા, રઢવાણ, ચરાડવા, મોથક,

અંકેવાળીઆ, ગુંદીઆળા, વડોદ, કંથારીઆ, ખંભલાવ, ગેડી, ભડવાણા, શમળા, ખાંડીઆ, દેવળીઆ, આદરીઆણા, મોજીદડ, દેદાદરા, સાવકા, બલોલ; મોઢવાણા, ખેરવા, મહીકા, રાજપૂર, સરવાળ.

પેદાશ—કપાસ, જાર, બાજરી, ઘઉં, ચણા, કડાથી, મગ, મઠ, વડાગરૂ, તથા ઘશીઉ મીઠું.

## ૨ ગોહેલવાડ.

આ પ્રાંતનો ઘણો ભાગ—ગોહેલ રજપૂતના તાબામાં છે તેથી આ પ્રાંતનું નામ ગોહેલવાડ પડયું છે.

પર્વતો—શેત્રુંજે, અથવા શીધ્યાચળ એ પહાડ પાલીતાણા પાસે છે તે ૧૫૦૦ ફુટ ઉંચો છે. શ્રાવકોનું મોટું જાત્રાનું ઠેકાણું છે. તેના ઉપર શ્રાવકોનાં મોટાં શોભીતાં દેરાં છે. વાલાકગીર કે મોરધાર, લાંબધાર, શીહોરનાં ડુંગરને તળાજાનો ડુંગર.

બંદર—ભાવનગર, સૂનરાઈ, સૂલતાનપૂર, મહુવા, પીપાવાવ

ગાયકવાડી મૂલક—દામનગર, શીયાનગર, શાહાપુર.

નદીઆ—શેત્રુંજી, કાળુભાર, ઘેલો, માલણ, બગડ, ઉતાવળી, ધાતરવડી, માળેશરી, ને ભાવનગરની ખાડી.

૧ શેત્રુંજી—ગીર પર્વતમાંથી નીકળી આરબી સમુદ્રને મળેછે તે ઉપર ધારી, ચોક, પાલીતાણા, તળાજા છે.

૨ કાળુભાર—ચોટીલા ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળેછે તે ઉપર કરીઆણા, ઉમરાળા, ચમારડી છે.

૩ ઘેલો—ચોટીલા ડુંગરમાંથી નીકળી કાળુભારને મળેછે તે ઉપર ખંભાળા, ગઢડા, પછેગામ, વળાછે.

૪ માળણ—મોરધાર ડુંગરમાંથી નીકળી આરબીસમુદ્રને મળે છે તે ઉપર ખુંટવડા, મહુવા છે.

૫ બગડ—શેત્રુંજા ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે તે ઉપર ડેડાણ, ડાઠા છે.

૬ ઉતાવળી—ચોટીલા ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળેછે

તે ઉપર કુંડલા, બરવાળા છે.

૭ ધાતરવડી—ગીર પર્વતમાંથી નીકળી આરબી સમુદ્રને મળે છે તે ઉપર રાજુલા છે.

૮ માળેશરી—માળનાથ ડુંગરમાંથી નીકળી કાળુભારને મળેછે તે ઉપર ભંડારીયા, વર્ત્તેજને કરદેજ છે.

૯ ભાવનગરની ખાડી—ભાવનગરની પાસેછે. કાળુભારમાં ઘેલો મળ્યા પછી તેમાં માળેશરી મળેછે ત્યારથી તેનું નામ ભાવનગરની ખાડી કહેવાય છે.

## પ્રખ્યાતીવાળાં શેહેરો.

૧ ભાવનગર પેહેલા વર્ગનું શેહેર છે તે બંદર રેલવેસ્ટેશન છે રાઓળ શ્રી તખ્તસિંહજી જીસી એસ આઇ રાજ કરેછે. તે ઈ. સ. ૧૭૨૩ રાઓળ શ્રી ભાવસિંહજીએ વસાવ્યું છે તેમાં શામળદાશ કોલેજ, ઇંગ્રેજી હાઇસ્કુલ. બ્રાંચ સ્કુલ ને પ્રાઇવેટસ્કુલ છે સંસ્કૃત પાઠશાળા ને વેદશાળા છે. કાપડ વણુવાનો પ્રેસછે તેમાં ફાકુડા વખણાય છે. આંહીથી બે મૈલ ઉપર ગડેચી કાંપછે. (૨) પાલીતાણા શેત્રુંજી નદી ઉપર બીજા વર્ગનું શેહેર છે તેની પાસે શેત્રુંજો પર્વત છે (૩) વળા ઘેલા નદી ઉપર છે તે ત્રીજા વર્ગનું શેહેરછે તેની પાસે વલભીપૂર નગર હતું. (૪) શીહોર તેમાં તાંબા પીતળના વાસણ થાય છે ને તમાકુ થાયછે તેનું બીજું નામ શીંગપૂર. (૫) કુંડલા તેમાં લોઢાના વાસણ થાયછે. (૬) મહુવા તેમાં નાગરવેલી પાન ને નાળીએર થાયછે. (૭) ગઢડા તેમાં સ્વામીનારાયણનું મંદીર છે. (૮) સોનગઢ તેમાં ગોહીલવાડ પ્રાંતનો આસિસ્ટંટ પોલીટીકાલ એજંટ રહેછે. (૯) કુડા હવા ખાવાનું ઠેકાણું. છે (૯) હાથબ હવા ખાવાનું ઠેકાણું છે. (૧૦) રાજુલા તેમાં પથરની ખાણો છે. (૧૧) ગોપનાથ જાત્રાનું ઠેકાણું છે.

મોટા શેહેરો—ભાવનગર, પાલીતાણા, વળા, લાઠી, શીહોર કુંડલા, મહુવા, તળાજા, બોટાદ, ગારીઆધાર, ઉમરાળા, ગઢડા, ટાણા, સોનગઢ લીલીઆ, ઘોઘા, દામનગર, ગાધકડા, બારીઆધર, ખુંટવાડા, ત.

જુસા, ધોળાઓ, ધણુંવદર, સીપાનગર, નીંગાળા, શાહપુર, ગોપનાથ, ઝાઝમેર, લાઠીદડ ભંડારીયા, સુલતાનપૂર, રોહીશાળા, માંડવી.

નાંનાં ગામ—પીપરીઆ, વર્તેજ, ભુંભલી, ત્રાપજ, વરળ, પીં-જપડા,દસા, ભાદ્રોડ, લાખણકા, ગડેચી, કોળીઆ, વાવડી, ચમારડી, પછેગામ, પરબડી, માંડવી, વાલુકડ, ઉગામેડી, ડોળીઆ, પીથલપર, ભૂરખીયા, ખીજડીઆ. દરેડ, ધુમણકા, જુનાસાવર, દીએર, વાઘનગર, આંબરડી, પીઠરડી, ખોપાણ, સોનપરી, મોણપૂર, લુવારા, કાડ તળાવ, તુરખા, લીંબાધાર. ભાણાવડ, જાળીઆં, ભોરીંગડાં ને દુંમાળા.

નીપજ—ત્રણી, કપાસ, બાજરી, જુવાર, શેરડી.

## (૩) ઉંડસરવૈયાવાડ.

આ પ્રાંતની જમીન ઉંડી હોવાથી ને સરવૈયા રજપૂતનું રાજ હોવાથી ઉડસરવૈયાવાડ પડયું.

પર્વત—મોરધાર, લાંબધાર, લોંચ. નદી—બગડ.

શેહેર—ડાઠા. બગડ નદી ઉપર સરવૈયા રજપૂતનું રાજ્ય છે. ચોક, ગણધોડા, વડાડા.

ઉપજ—કપાસ, ઘઉં, બાજરી, જુવાર, કઠોળ, વગેરે.

## (૪) બાબરીઆવાડ.

બાબરીઆ રજપૂતનું રેહેઠાણ હોવાથી આ પ્રાંતનું નામ બાબરીયાવાડ પડયું છે. આ પ્રાંતમાં ઘીની નીપજ ઘણી છે.

પર્વત—ગીરપર્વત.

હબશીનો મૂલક—જાફરાબાદ, અને શીયાળ બેટ.

નદીઓ—ધાંતરવડી, રાયડી, ધોળાદ્રી, ને રૂપેણ, રાવળ.

રાયડી—ગીર પર્વતમાંથી નીકળી આરબી સમુદ્રને મળે તે ઉપર નાગેશરી છે.

ધોળાતી—ગીર પર્વતમાંથી નીકળી આરબી સમુદ્રને મળે છે તે ઉપર જાફરાવાદ.

શેહેરા—જાફરાવાદ તેમાં ઘીની નીપજ ઘણી છે તે હબશીનું રાજ્ય છે. ડેડાણ શીયાબેટ, રાજુલા, વડાળ, કોદડી, શીલ, ડુંગર,

ટીંબી વેઠ, જાયકા, બાબરકોટ

નીપજ—કપાસ, શેરડી, જુવાર, બાજરી ને કઠોળ વગેરે.

## (૫) કાઠિઆવાડ.

જેટલા ભાગમાં કાઠિ લોક આવીને વસેલા તેટલા ભાગને કાઠિઆવાડ કહે છે. આ પ્રાંતની કાંબીઓ વખણાય છે.

ગાયકવાડી શહેર અમરેલી, ધારી. પંચાળદેશ, ચોટીલા, લીમોરા, બારમડી ને મેવાસાની આસપાસનો મુલક, ત્યાંના ઘોડા વખણાય છે.

પર્વત માંડવધાર, ચોટીલો ઠાંગો. મદાવો.

નદીઓ—ભાદર, સુકભાદર, ગોમા, શેત્રુંજ, ભોગાવો.

(૧) ભાદર, જસદણની ઉત્તરે મદાવાના ડુંગરમાંથી નીકળી આરબી સમુદ્રને મળે છે. તે ઉપર જસદણ, આટકોટ, જેતપુર, ગણોદ, કુતીઆણા, નવીબંદર છે.

(૨) ગોમા, મદાવાના ડુંગરમાંથી નીકળી સુકભાદરને મળે છે તે ઉપર વીંછીઆ, પાળીઆદ, રાણપુર છે.

### પ્રખ્યાતીવાળા શહેરો.

(૧) અમરેલી ગાયકવાડ સરકારને તાબે છે તેમાં સુતરાઉ પાઘડી થાય છે.

(૨) ધારી ગાયકવાડ સરકારને તાબે શેત્રુંજી નદી ઉપર છે તેમાં તરવારના મ્યાન સારા થાય છે.

(૩) બગસરા તેમાં ચોફાળ ને ખાદીના લૂગડાં સારાં થાય છે.

(૪) જસદણ ભાદર નદી ઊપર ત્રીજા વર્ગનું શેહેર છે ખાચર આલાચેલા રાજ કરે છે.

(૫) જેતપુર ભાદર નદી ઊપર ચોથા વર્ગનું શહેર છે, વાળા કાઠીનું રાજ્ય છે.

(૬) માણેકવાડા તેમાં સોરઠ પ્રાંતનો આસિસ્ટંટ પોલીટીકાલની છાવણી હતી.

(૭) વંસાવડ ભાદર નદી ઉપર નાગર લોકને તાબે છે.

વીંછીઆ—હિંગોળઘાટ, તે કિલ્લાવાળા શહેર છે.

## મોટાંગામ.

જસદણ, જેતપુર, અમરેલી, ધારી, બીલખા, ચીતળ, બગસરા, ચોટીલા, આણંદપુર, પાળીઆદ, બાબરા કોટડા, પીઠા, સુદામડા, લાખાપાદર, ધાંધલપુર, કુંદણી, ભડલી, ખુણી, રાણપુર, ભાડલા, માત્રાટી, બામોણવેલ, ચાસીઆ, મેવાસા, ઈત્રીઆ, ગઢીઆ, સણોસરા, વાણીઆવદર, નાના ગામ. પાટડા, કાળાસર, થાણાદેવળી, શેડુભાર, ખીજડીઆ, કુકાવાવ, કણોસરા, પીપરીઆ, સાંલવડા, જાનબાઇનું દેરડી, ગાળીઆણા, કોઠી, દેવળીઆ, માણાવાવ, ગરમલી, વાઘપડી, ઢોરડા, ચરખા, વાંકીઆ, ચાવણ, અકાળા, વાઘણીઆ, જરખીઆ, વડેરા, આણીઆળી.

નીપજ—કપાસ, ઘઊં, બાજરી, કઠોળ, શેરડી વગેરે આ પ્રાંતના ઘોડા વખણાયછે.

## સોરઠ.

સૌરાષ્ટ્ર ઉપરથી આ પ્રાતનું નામ સોરઠ પડ્યું છે.

ગાયકવાડનો મુલક—કોડીનાર, ધાંટાવડ.

ફીરંગીનો મુલક—દીવ.

નાઘેરનો મુલક—ચોરવાડથી જાફરાબાદ સુધી.

બંદરો—સીલ, માંગરોળ, ચોરવાડ, દીવ, ધારાબંદર, ભેરાઇ, દીવ ફીરંગીનું ને કોડીનાર ગાયકવાડનું છે.

પર્વત—ગિરનાર એ પહાડ જુનાગઢની પાસેછે ને આખા કાઠિઆવાડ ઈલાકામાં સૌથી ઉંચો છે એની ઉંચાઈ ૩૫૦૦ ફુટ છે. ગીર પર્વત એ બંને પહાડમાં ઝાડી ઘણી છે.

નદીઓ—ભાદર, ખુબ્રી, ઓઝાત, સાવળી, કાંબ, હીરણ, સામન. શીંગવડો, સુરેખા, સરસ્વતિ, મચ્છુદ્રી, રાવળ, મેંગલ, ઉબેંણ, ખાંભવ ને ઈંગવડો.

ખુબ્રી—ભાદરને મળેછે.

ઓઝાત—ગીર પર્વતમાંથી નીકળી ભાદરને મળેછે તેના ઉપર નાગણી, બાલાગામ, કાજળીઆને ગેડ બગસરા છે.

કાંબ—ખાંભવને મળેછે.

હીરણ—ગીર પર્વતમાંથી નીકળી આરબી સમુદ્રને મળે છે તે ઉપર પ્રભાસપાટણ છે.

સામન—આરબી સમુદ્રને મળેછે

શીંગવડો—ગીર પર્વતમાંથી નીકળી આરબી સમુદ્રને મળેછે તે ઉપર ધાંટાવડ ને કોડીનાર છે.

સુરેખા—એની રેતીમાંથી સોનાની રજ જડતી હતી.

સરસ્વતી—ગીર પર્વતમાંથી નીકળી આરબી સમુદ્રને મળે છે તે ઉપર બીજ છે

મચ્છુદ્રી—ગીર પર્વતમાંથી નીકળી આરબી સમુદ્રને મળેછે ઉના ને દેલવાડ છે.

મેંગલ—ગીર પર્વતમાંથી નીકળી આરબી સમુદ્રને મળે છે તે ઉપર હાટીના.માળીઆ.

ઉમેંણુ—ગીર પર્વતમાંથી નીકળી ઓઝાતને મળે છે તે ઉપર ભેંસાણ, રાણપુર, ચોકી, મંઝેવડી ને ધંધુસર છે.

ખાંભવ—ચોરવાડ પાસે આરબી સમુદ્રને મળેછે.

ઇંગવડો—વેરાવળ પાસે આરબી સમુદ્રને મળે છે.

## પ્રખ્યાતીવાળા શહેરો.

જુનાગઢ—એ પહેલા વર્ગનું શહેર છે તેમાં નવાબ સાહેબ રાજ કરેછે ત્યાં ટંકશાળ છે તેમાં દિવાનશાહી કોરી પડેછે ત્યાં આગળ બંગલા, બાગ, કોરટો ઉપર કોટ જોવા લાયક છે.

કુતીઆણા—એનું અસલ નામ કુંદનપુર તેમાં ધાબળીઓ સારી થાયછે.

ચોરવાડ—તેમાં નાગરવેલના પાન થાયછે.

પાટણ—તેનું બીજું નામ સોમનાથપાટણ કે પ્રભાસપાટણ છે. એ તીર્થની જગ્યા છે ને તેમાં સોમનાથ મહાદેવની મુર્તિ છે.

દીવ—એમાં હલવો, કાપડ, નાળીએર, ને હાથીદાંતના રમકડા થાય છે.

વેરાવળ—એ હવા ખાવાનું ઠેકાણું છે.

વંથળી—એનું બીજું નામ વામનસ્થળી તેમાં તાંબા પીતળના વાસણ ને લોઢાનો ઘાટ થાયછે.

માંગરોળ—તેમાં નાગરવેલના પાન, સુખડ ને હાથીદાંતનું નકશી કામ સારૂં થાયછે. તેની પાસેના દરિયામાંથી રાતા પરવાળા જડેછે.

કોડીનાર—ત્યાં આગળથી ધોળા પરવાળા જડેછે.

સીલબંદર—તેની પાસેના દરિયામાંથી રાતા પરવાળા જડેછે.

તુળશીશ્યામ—તિર્થની જગ્યાછે તેની પાસે ઉના પાણીના સાત કુંડ છે.

**મોટાં શહેર.**

જુનાગઢ, બાટવા, અમરાપુર, માંગરોળ, કોડીનાર, દીવ, વેરાવળ, પ્રભાસપાટણ, બીલખા, સરસાઈ, વિસાવદર, ચોરવાડ, માળીઆ વણથળી, થાણાપીપળી, બાલાગામ, મેંદરડા, દેલવાડા, ઉના, ઘોઘલા, ખોરાસા, ભંડુરી, સુત્રાપાડા, કેશોદ, રાણપર, ભેંસાણ, મઝેવડી, વડાળ, સીલ, માણાવદર, ગીવડ, ચોકી, કુતિઆણા, માણેકવાડા, મહીઆરી, નવાગઢ, સણોસરાને મુળદ્વારકા.

**નાનાં ગામ.**

સીમર, ભેરાઇ, ધામળેજ, નીલાખા, તોરી, અજાબ, બોએજ, વાડાસડા, લીંબુડા, સાપોર, કુકસવાડા, તુળશીશ્યામ, ઘોડાસર, બીજ, કાંધી, ધોકડવા, સનખડા, ગુદાળી, પાલડી, નીગીચાણા, પીઠડીઉ, કોટડ ને દાતરાણા.

વિશેષ હકીકત—ગિરનાર પર્વત ઉપર પાંચ શિખર છે તેનાં નામ. અંબા માતાના શિખર ઉપર અંબાજીનું દેરૂં છે. (૨) સૌથી ઉંચું ગોરખનું છે તે ૩૬૬૬ ફુટ છે. (૩) ઓઘડ શિખર. (૪) ગુરૂદત્તાત્રી. (૫) કાળકા શિખર તે ઉપર ત્રણ કુંડ છે. (૧) ગોમુખી. (૨) હનુમાન ધારા, કમંડળછે. આ પર્વતમાંથી ગ્રાનેટ પથ્થર નીકળેછે તથા અબરખની ભુકી જડેછે.

મુખ્ય પેદાશ—કપાસ, કઠોળ, બાજરી, જુવાર, ને શેરડી. આ પ્રાંતમાં કેરી ઘણીછે.

**બર્ડો પ્રાંત.**

આ પ્રાંતમાં બર્ડો ડુંગર હોવાથી બર્ડો નામ પડયું છે.

પર્વત—બર્ડો એ ૨૦૦૦ફુટ ઉંચોછે (૨) ગોપનો.

નદીઓ— ભાદર, વર્તુ, ઓઝાત.

બંદર—પોરબંદર, નવીબંદર, મીયાણી, માધવપુર.

ગેડનો મુલક—માધવપુરથી નવીબંદર સુધી છે.

## પ્રખ્યાતીવાળા શહેર.

પોરબંદર—એનું બીજું નામ સુદામાપુરી ત્યાં ટંકશાળ છે તેમાં રાણાશાહી કોરી પડેછે.

માધવપુર—તેમાં માધવરાયની મુર્તી છે.

રાણાવાવ—તેની પાસે લોઢાની ખાણ છે.

કંડોરણા—તેની પાસેથી આરસપહાણ નીકળેછે.

બીજાંગામ—નવીબંદર, મીયાણી, અડવાણા, બખરલું, બરડા, ચોકી, મેહીયારી, છાયા, મોઢવાણા, સોહાણા, ફટાણા, વિસાવાડા, કુછડી, વડવાળુ, બગેજ, કડછ, ગોસા, ખાંભાદર, સુલતાનપુર, મોકળ, નાગકા, ઓખીરા.

મુખ્ય પેદાશ—બાજરી, કપાસ, જુવાર, બર્ડા પર્વતમાંથી લોઢું ને ધોળા પથ્થર નીકળે છે.

## હાલાર.

જામ હાલાના કોઇ વંશજોએ સોથી પહેલી હકૂમત બેસાડી તેથી આ પ્રાંતનું નામ હાલાર પડયું છે.

પર્વત—(૧) બરડો (૨) ઠાંગો (૩) આલોંઝ (૪) ઓસમ એ ડુંગર ઉપર માતરી માતાનું દેરૂં છે, ત્યાં હિંદુઓ જાત્રા કરવા જાયછે.

નદીઓ—(૧) આજી (૨) ઉંડ (૩) નાગમતી (૪) રંગમતી (૫) ધી (૬) આપા (૭) રામાવતી (૮) ડેમાઈ (૯) ગોંડલી (૧૦) ભાદર (૧૧) વેણું (૧૨) વરતુ (૧૩) મોજ.

(૧) આજી—એ સરધાર પાસેથી નીકળી કચ્છના અખાતને મળેછે તે ઉપર સરધાર, રાજકોટ, પડધરી, ને બાળંભા છે. આ નદીમાંથી આગળ સોનાની રજ જડતી હતી.

(૨) ઉંડ—બરડા ડુંગરમાંથી નીકળી કચ્છના અખાતને મળેછે. તે ઉપર કાળાવડ, જાળીયા, ને જોડીયા છે.

(૩) નાગમતી (૪) રંગમતી—બરડા ડુંગરમાંથી નીકળી નવાનગર પાસે એકઠી થઈ કચ્છના અખાતને મળેછે તે ઉપર નવાનગર ને બેડીછે.

(૫) ડેમાઈ—ચોટીલાના ડુંગરમાંથી નીકળી આજીને મળેછે. તે ઉપર ટંકારા, કોચલી ને બેલા છે.

(૬) ગોંડલી—સરધાર પાસેથી નીકળી ભાદરને મળેછે તે ઉપર બાંડવા ને માંડલ છે.

(૭) વેણું—બરડા ડુંગરમાંથી નીકળી ભાદરને મળેછે. તે ઉપર ધ્રાફા, નીલાખા ને ઉપલેટા છે.

(૮) મોજ—બરડા ડુંગરમાંથી નીકળી ભાદરને મળે છે તે ઉપર ખાખીજાળીઆ છે.

(૯) ઘી—બરડા ડુંગરમાંથી નીકળી કચ્છના અખાતને મ છે. તે ઉપર ખંભાળીયા સલાયા છે.

(૧૦) આપા—કચ્છના અખાતને મળેછે.

બંદર—જોડીયા, બેડી, સલાયા.

પ્રખ્યાતિવાળા શહેર—નવાનગર, રંગમતી ને નાગમતીના સંગમ ઉપર પહેલા વર્ગનું શહેર છે, ત્યાં જામસાહેબ રાજ કરેછે એમાં અતલસ, કીનખાબ, કસબ, બાંધણી, સુરમો, કંકુ,ને મોતી વખણાય છે તેમાં ટંકશાળ છે. તેમાં જામશાહી કોરી પડેછે તેની પાસેના દરિયામાંથી મોતી ને ધોળા પરવાળા જડેછે. એનું બીજું નામ જામનગર કે નગર છે. રાજકોટ—આજી નદી ઉપર બીજા વર્ગનું શેહેર છે તેમાં પોલીટીકાલ એજંટ રહેછે તેમાં લસ્કરી કાંપ છે. તેમાં રાજકુમાર કોલેજ, ટ્રેનિંગકોલેજો, અને ઇંગ્રેજી હાઇસ્કુલ છે. ગોંડલ—તેમાં ગોળ વખણાય છે. ખંભાળીઆ—તેમાં લોઢાની ખાણો છે. બાલાચઢી—હવા ખાવાનું ઠેકાણું છે. ભાણવડ—તેની પાસે ભાણનાથ મહાદેવનું દેરૂં છે તેની પાસેના ડુંગરમાંથી આરસપહાણ નીકળે છે. બાડલા—તેની પાસે લોઢાની ખાણો છે. આમરણ—તેમાં દીવાલશા પીરની જગા છે. ધોરાજી—ત્યાંથી પોરબંદર લાઇન શરૂ થાયછે. કાલાવડ—તેમાં શીતળા માતાનું દેરૂં છે.

મોટાંગામ—નવાનગર, ગોંડળ, ધ્રોળ, રાજકોટ, વીરપુર, કોટડા, સાંગાણી, વસાવડ, ગવરીદડ, પાલ, મેંગણી, ગઢકા, ઉપલેટા, સુપેડી, જોધપૂર, ભાયાવદર, ઢાક, રાણપુર, મેવાસા, ધ્રાફા, લોધીકા, મૂળીલા, સલાયાં, હાડીપાણા, બાળંભા, ખંભાળીઆ, સરપદડ, પડધરી, શાહપર, કુહાડવા, વડાલે, દડવા, ખોખરી, ભાણવડ, વણથળી, સણોસરા, પાનેલી, ગણોદ, કંડોરણા. આટકોટ, અમરાપૂર, મોટીમારડ, સુલતાનપૂર આંબરડી, મોવીઆ, ખાંબા, હળેડા, ભાટીઆ, જાલીયાદેવાણી, બેડીબંદર.

નાનાં ગામ—કોઠારીઆ, નીકાવા, બારા, પડાળાં, ધ્રુવવા, લાલપૂર, ખાખીજાળીઆ, સરસાઇ, રાણુ, જાંબુડા, ખરેડી, વાવલી, નેકનામ, ભાડવા, રાજપુરા, બળસાણી, ગુંદા, મેખાટીંબા, ધ્રુમલી, કોલીથડ, હરફાળા, ચીત્રાવડ, ગુંમટા, લાંબા, મોટીગોપ, વડાળા, શેઠવાળુ, કોળકી, રામોદ, બાળધોઇ, ધ્રુડસીયુ, ધુતારપર, મોરજડ, ગીંગણી, ધોરાવદર, આંડણ, કુંડલા, પાંચદેવળી નેપણી, ખીજડીયા.

નીપજ—કપાસ, કઠોળ, ઘઉં, બાજરી, જુવાર, શેરડી વગેરે.

## મચ્છુ કાંઠો.

મચ્છુકાંઠો—એ નામ મચ્છુ નદીના ઉપરથી પડયું છે.

નદીઓ—મચ્છુ, ઘોડાધ્રોઇ, ડેમાઇ.

(૧) ઘોડાધ્રોઇ—જેતપુર પાસે થઈ કચ્છના અખાતને મળે છે તે ઉપર વરડુસર, જેતપૂર છે.

શેહેરો—મોરબી પેહેલા વર્ગનું શેહેર છે. તેમાં તાંબા પીતળનાં ને કાંસાના વાસણ થાય છે ને કાળા પથર નીકળે છે તેની ખરળ થાય છે માળીઆ તે મીઆણાનું ગામ છે. ટંકારા તેમાં અકીકનાં તથા લોહીના પથ્થર થાય છે.

બીજાંગામ—વવાણીઆ, આધોઇ, મેઘપર, દેરાળું, લેલા, જંઘી.

નાનાંગામ—ખાનપૂર, વાઘપર, ઝીંદીઆળી, પાનેળી, ગાળા, સુંદ્ર, બગથાળા, માણેકવાડા, પંચાસર, કુંભારીઆ, ગુંગણી, જેતપૂર,

સંકમપર, મોટીઅદાળ, દેહીસરા, આંબરડી, ધાટીલા, વાવડી, સરવડ.

પેદાશ—કપાસ, જુવાર, અડદ, મગ, બાજરી.

## ઓખામંડળ.

ઓખામંડળ—ઓખાના નામ ઉપરથી ઓખામંડળ પડયું છે. આ પ્રાંત ગાયકવાડ સરકારને તાબેછે.

નદીઓ—ઓખા ને ગોમતી એ બંને આરબી સમુદ્રને મળેછે.

બેટ—શંખોદ્ધાર.

શેહેરો—દ્વારકા તેમાં રણછોડજીની મૂર્ત્તિ છે ને જાત્રાનું ઠેકાણું છે. આરંભડુ જાત્રાએ આવનાર માણસને છાપ મારેછે. કચ્છગઢ કચ્છના રાવને તાબેછે.

બીજાં નાનાંગામ—વરવાળું, પોશીતરું, ધીણાકી, મઢી, ગોપી, વસાઈ.

પેદાશ—કઠોળ, જુવાર, બાજરી.

## સામાન્ય વર્ણન.

બેટ—(૧) પીરમ (૨) ચાંચ (શીયાળપાસે) (૩) શીયાળ (૪) દીવ. (૫) શંખોદ્ધાર (૬) ચાંકા (કચ્છના અખાતમાં.)

ભુશીર—દીવને જગતપોઇંટ.

અખાત—કચ્છનો ને ખંભાતનો.

રણ—કચ્છનું, પાટડી ને ખંભાતનું.

સરોવર—નળ, દ્વીપકલ્પ, કાઠીયાવાડ, ફીરંગીનો મૂલક દીવ.

હબશીનો મૂલક—જાફરાબાદ, શીયાળ બેટ.

ગાયકવાડી મૂલક—ઓખામંડળ પરગણું, દામનગર, શીયાનગર, શાહપૂર, અમરેલી, ધારી, કોડીનાર, ધ્રાંટાવડ.

હવા ખાવાના ઠેકાણાં—બાલાચઢી, વેરાવળ, ગોપનાથ, હાથલકુડા, (ઘોઘાપાસે.)

જાત્રાના ઠેકાણાં—શેત્રુંજય, મૂળી, ગઢડા, ગીરનાર, સોમનાથપાટણ, તુળશીશ્યામ, પોરબંદર, માધવપૂર, દ્વારકા, બેટ.

બંદર—વવાણીઆ, જોડીઆ, બેડી, સલાયા, દ્વારકા, મીઆણી, પોરબંદર, નવીબંદર, માધવપૂર, શીલ, માંગરોળ, ચોરવાડ, વેરાવળ, દીવ, જાફ્રાબાદ, ભેરાઇ, પીપાવાવા, મહુવા, સુલતાનપર, સુંદરાઈ, ઘોઘા, ભાવનગર, ધોલેરા.

ધર્મ—હિંદુ, જૈન, મુસલમાન.

## નદીઓનાં મૂળ.

ચોટીલા ડુંગરમાંથી નીકળનારી—સુકભાદર, વઢવાણનો ભોગાવો, લીમડીનો ભોગાવો, બાભણુ, ઉતાવળી, ઘેલો, મચ્છુ, કાળુભાર.

ગીર પર્વતમાંથી નીકળનારી—શેત્રુંજી, ધાતરવડી, રાયડી, રૂપેણુ, રાવળ, મચ્છુ, કીશીંગવડો, સરસ્વતી, હીરણુ, ઓઝાત, ઉબેણુ, ને સાંબળી.

બર્ડા પર્વતમાંથી નીકળનારી—ઉંડ, રંગમતી, ઘી, આપા, રામાવતી, મોજ.

શેત્રુંજામાંથી—બગડ ને ધોળાદ્રી.

## નદીઓનાં મૂખ.

આરબી સમુદ્રને મળનારી નદીઓ—ભાદર, હીરણુ, શીંગવડો, સાવળી, સાંમત, રાવળ, મચ્છુદ્રી, રૂપેણુ, રાયડી, ધાતરવડી, માળણુ, બગડ, મેધળ, ઓખા ને ગોમતી.

ખંભાતના અખાતને મળનારી નદીઓ—શેત્રુંજી, કાળુભાર, ઉતાવળી, શુકભાદર.

કચ્છના અખાતને મળનારી નદીઓ—રંગમતી, નાગમતી, ઘી, આપા, આજી, રામાવતી, ઉંડ, ડેમાર્ફ.

કચ્છના રણને મળનારી નદીઓ—મચ્છુ, ઘોડાધ્રાઈ, બાભણુ, ફંફાવટી. ઉમઈ, ફલકુ, બ્રોંડરા, ચંદ્રભાગા.

નળ સરોવરમાં મળનારી નદીઓ—વઢવાણનો ભોગાવો, ને લીમડીનો ભોગાવો.

આ ઇલાકામાં મોટામાં મોટો પ્રાંત હાલાર. મોટા પહાડ ગીરનાર. મોટું શેહેર ભાવનગર. મોટી નદી ભાદર. મોટી છાવણી રાજકોટ.

## બેવડા નામ.

કાઠીયાવાડ–સોરાષ્ટ પાટણ–સોમનાથ અથવા પ્રભાસપાટણ. નવાનગર–જામનગર કે નગર. શેત્રુંજો–સીધ્ધાચળ. પોરબંદર–સુદામાપુર. બર્ડો–જેઠવાડ. જુનાગઢ–જીર્ણગઢ. વઢવાણ–વર્ધમાનપુરી. સાયલા–ભગતનું ગામ.

## સરકારી થાણા.

ઝાલાવાડ પ્રાંતમાં—વઢવાણ કેમ્પ, ચોટીલા, બોઇકા, દસાડા, વીંછીઆગઢ, પાળીયાદ.

ગોહીલવાડમાં—સોનગઢ, ચમારડી, ચોક, ડાઠા, બાબરા.

સોરઠમાં—જેતલસર, બગસરા, લાખાપાદર, ડેડાણ.

હાલારમાં—રાજકોટ, માળીઆ, લોધીકા, ધ્રાફા, મુળીયા.

## પરચુરણ હકીકત.

નળકાંઠો—ઝાલાવાડની ઉત્તરમાં કચ્છનું રણ અને પૂર્વ તરફનું નીચાણવાળુ રણ, જેમાં બારેમાસ પાણી ભરાઇ રહેછે તેને નળ સરોવર કહેછે અને તેની આસપાસના મૂલકને નળ કાંઠો કહેછે.

પંચાળ—થાન, ભીમોરૂં અને મેવાસ એ ગામોની પાસેના કેટલાએક ભાગોને પંચાળ કહેછે.

ભાલ—ઝાલાવાડની પૂર્વ તરફના કેટલાએક ભાગને ભાલ કહેછે.

ગર—ગીર પર્વતની આસપાસના મૂલકને ગર કાંઠો કહેછે.

કંઠાળ—દરીઆ પાસેના મૂલકને કંઠાળ કહેછે.

નાઘેરનો મૂલક—ચોરવાડથી જાફરાબાદ સુધી.

ઘેડનો મુલક—માધવપૂરથી નવીબંદર સુધી.

ખારોપાટ—લીલીઆની આસપાસનો ભાગ.

# વર્ગવાર તાલુકા.

## પેહેલો વર્ગ.

૧ જુનગઢના નવાબ બાબી મુસલમાન
૨ નવાનગરના જામ જાડેજા રજપૂત
૩ ભાવનગરના રાઓળ ગોહેલ રજપૂત
૪ ધ્રાંગધ્રાના રાજ ઝાલા રજપૂત
૫ મોરબીના ઠાકોર જાડેજા રજપૂત
૬ ગોંડળના ઠાકોર જાડેજા રજપૂત
૭ પોરબંદરના રાણા જેઠવા રજપૂત

## બીજો વર્ગ.

૧ વાંકાનેરના રાજ ઝાલા રજપૂત
૨ પાલીતાણાના ઠાકોર ગોહેલરજપૂત
૩ ધ્રોળના ઠાકોર જાડેજારજપૂત
૪ લીમડીના ઠાકોર ઝાલા રજપૂત.
૫ રાજકોટના ઠાકોર જાડેજારજપૂત
૬ વઢવાણના ઠાકોર ઝાલારજપૂત
૭ જાફરાબાદનાસીદીહબશીમુસલમાન

## ત્રીજો વર્ગ.

૧ વળાના ઠાકોર ગોહેલ રજપૂત
૨ લખતરના ઠાકોર ઝાલારજપૂત
૩ બાટવાના બાબી બાબીમુસલમાન
૪ જસદણના રાજા ખાચરકાઠી
૫ સાયલાના ઠાકોર ઝાલારજપૂત
૬ ચુડાના ઠાકોર ઝાલારજપૂત

## ચોથો વર્ગ.

૧ મુળીના ઠાકોર ગોહેલ રજપૂત
૨ લાઠીના ઠાકોર ગોહેલરજપૂત
૩ બજાણાના મલેક મલેકમુસલમાન
૪ વીરપૂરના ઠાકોર જાડેજારજપૂત
૫ જેતપૂરના રાજા વાળા કાઠી
૬ કોટડા સાંગણીના ઠાકોર જાડેજા રજપૂત
૭ માળીઆના ઠાકોર જાડેજારજપૂ

# આગગાડીના રસ્તા અને સ્ટેશનો.

